# IIT ગાંધીનગરમાં આંત્રપ્રિન્યોરશીપ પર સેશન

**૨૧** મી સદી જો ઇનોવેશનની છે તો તેની સાથે નવા બિઝનેસ આંત્રપ્રિન્યોરના ઉદયનો પણ સમય છે. ભારત જેવા દેશ માટે આંત્રપ્રિન્યોરશીપ ખૂબ મહત્વનો ટોપીક બની શકે છે. તેમજ આ ક્ષેત્ર સરકાર, એજ્યુકેશનલ સંસ્થાન અને ઉંચા દરજ્જાના બિઝનેસ પર્સનને વિચારવાની જરૂર છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી), ગાંધીનગરે



આંત્રપ્રિન્યોરશીપ અને ઇન્વેન્ટરને કેન્દ્ર સ્થાને રાખી ત્રણ દિવસ માટેનો ખાસ પ્રોગ્રામ ડિઝાઇન કર્યો છે. જે ૩૦ જુને થશે. આ પ્રોગ્રામ અંતર્ગત જે ઇન્વેન્ટરે

## ટેકનોલોજીને ગ્લોબલ માર્કેટ સુધી કેવી રીતે લઇ જવી તે અંગે આઇઆઇટી ગાંધીનગરમાં ત્રણ દિવસનું ખાસ સેશન

પોતાની ટેકનોલોજી ડેવલપ કરી છે પરંતુ તેને કોમર્શિયલ કેવી રીતે બનાવી અને તેની ઇમ્પેક્ટ કેવી રીતે ક્રિએટ કરવી તેનો ખ્યાલ નથી તે વિશે વિગતવાર ટ્રેનિંગ અપાશે.

ઘણા એવા આંત્રપ્રિન્યોર છે જેઓએ એન્જિનિયરિંગ કર્યું છે, ડિઝાઇન કરી છે, મેન્યુફેક્ચરિંગ કર્યું છે અને બિઝનેસ બેગ્રાઉન્ડમાંથી છે તેમણે કંપની શરૂ કરી છે. આઇઆઇટી ગાંધીનગરના 'ટેક ટુ ઇમ્પેક્ટ' પ્રોગ્રામ અંતર્ગત પાર્ટિસિપેન્ટસને આંત્રપ્રિન્યોરલ વેલ્યુ વિશે માહિતીગાર કરાશે. ડો. હિરેન વેદામ કહે છે કે કોમર્શીયલાઇઝેશન અને આંત્રપ્રિન્યોરશીપ અંગે પાર્ટિસિપન્ટ્સને માહિતી અપાશે. જે મોટિવેશનલ પ્રોગ્રામ છે. અહીં રિસર્ચર, ઇન્વેન્ટર જોડાઇ શકશે. ત્રણ દિવસમાં વિવિધ સેશન રખાયા છે. જેમાં લાઇવ વર્ક જેવો જ અનુભવ થશે.